હિંમતનગરમાં હુડાના ક્ષતિગ્રસ્ત નકશાના વિરોધમાં શહેરીજનોએ રેલી કાઢી આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૯

હિંમતનગર શહેર અને તેના આજુ બાજુના વિસ્તારમાં વર્ષ ૨૦૧૨માં હુડા અમલી બન્યા બાદ ગત સપ્તાહમાં ડેવલપમેન્ટ પ્લાન જાહેર કરવામાં આવતાં તંત્રની અણઆવડત અને ગંભીરક્ષતિઓ બહાર આવી છે. જેને પગલે શહેરીજનોમાં વ્યાપક રોષ ઉભો થવા પામ્યો છે. હુડાના ક્ષતિગ્રસ્ત નકશાના કારણે પાંચ હજારથી વધુ પ્લોટો અને ૮૦૦ જેટલા મકાનોને નુકશાન થવાના ભયને લઈ અરાજકતા અને ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે. હુડાનો અમલ મોકૂફ રાખવા માટે આજે શહેરીજનોએ વિશાળ રેલી કાઢી અધિક કલેકટર એસ.ડી. ધાનાણીને આવેદનપત્ર આપ્યું હતું.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હુડાની વિગત અનુસાર હિંમતનગર શહેરમાં હુડા અમલી બન્યા બાદ ડેવલપમેન્ટ પ્લાન વિકાસ નકશો શહેરમાં વિનાશનો સંકેત આપતો હોવાનુંજણાતાં સમગ્ર શહેરમાં વિરોધનો વંટોળ ઉભો થવા પામ્યો છે.

હિંમતનગરમાં ધંધારોજગાર માટે ઉધોગોની જરૂર છે. હુડાની જરૂર ન હોવા છતાં મનસ્વીપણે કોઈપણ જાતના વિચારવિમર્શ કર્યા વગર શહેર અને તેના આજુબાજુના વિસ્તારનો હુડામાં સમાવેશ કરી હુડા અમલી બનાવતાં શહેરને કયારેય ન પુરાય તેવું નુકશાન થવાના અંદાજને લઈ લોકોમાં રોષ -વ્તી રહયો છે. વહીવટીતંત્ર પણ કોઈપણ જાતના આયોજન વગર હવામાં તીર ચલાવી રહયું છે. રાજકીય અગ્રણીઓ પણ હુડાના -શને કંઈ બોલવા તૈયાર નથી ત્યારે સ્પસ્ટ થઈ રહયું છે. કે હુડાના અમલથી શહેરનો વિકાસ તો જયારે થવો હશે ત્યારે થશે પરંતુ હાલ તો વિનાશ થવાની ભીતી સેવાઈ રહી છે. હુડાના કારણે બાંધકામ ઉધોગો ડચકાં ભરી રહયો છે. -જાને મકાન બનાવવા માટે મંજૂરી લેવામાં પગે રેલા ઉતરી રહયા છે. ત્યારે લોકો હુડાનો અમલ મોકૂફ રાખવા મેદાનમાં ઉતર્યા છે. આજે શહેરીજનોએ ટાવરચોકથી રેલીના સ્વરૂપે કલેકટર કચેરી જઈ અધિક કલેકટર એસ.ડી. ધાનાણીને આવેદનપત્ર આપી વિરોધ -દર્શીત કર્યા હતો.

અરવલ્લી જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસ દ્વારા રામધુન યોજી વિરોધ કરાયો

જીલ્લા પંચાયત્ની સગવડતા માટે હુ અગવડતા ભોગવવા તૈયાર છુ : નેહાબેન પટેલ

મોડાસા, તા.૯

અરવલ્લી જીલ્લા પંચાયત માં આજે સામાન્ય સભા યોજવામાં આવી હતી આ સામાન્ય સભા માં આજે કોગ્રેસ ના સદસ્યો ધ્વારા ભારે વીરોધ કરવામાં આવ્યો હતો અને રામધુન યોજી પશ્રશ્નાવલી ના કાગળો ફાડી નાખી પોતાનો ગુસ્સો વ્યકત કર્યો હતો.

આજે યોજાએલી જીલ્લા પંચાયત ની સામાન્ય સભા માં શાસક પક્ષ ધ્વારા માત્ર સરકારી પ્રચાર અને પ્રસાર કરી શાસક પક્ષ ના જ લાબા પ્રશ્નો રજુ કરતા કોગ્રેસ ના સભ્યો ધ્વારા ભારે હોબાળો મચાવ્યો હતો કોગ્રેસ ના સધ્યો એ માત્ર ભાજપા ધ્વારા કાગળ પર જ વિકાસ બતાવા માં આવે છે તેવુ કહીપ્રશ્નોતરી ના જવાબોને ફાડી નાખી હવામાં ઉડાડયા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલલી જીલ્લા પંચાયત ની સામાનય સભા આજે પ્રમુખ નેહાબેન પટેલ ના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી આ જે યોજાએલી સામાન્ય સભા માં વીરોધ પક્ષ ધ્વારા પહેલે થી વિરોધ નોધાવ્યો હતો જયારે આજે યોજાએલ સામાન્ય સભા માં માં સાશક પક્ષ ધ્વારા માત્ર સરકાર ના ખાતમુહુર્ત અને લોકાર્પણ કાર્યક્રમો ના ગુણગાન લગતા પ્રશ્રનોલ રજુ કર્યા હતા તેવુ વીરોધ પક્ષ ના નેતા અરૂણભાઈ પટેલે જણાવ્યુ હતુ.

જયારે જશુભાઈ પટેલ ધ્વારા માલપુર ના વિવાદી સર્વે નંબર માં તાલાટી ધ્વારા રૂ ૭ લાખ ની લાંચ લીધી હોવાનો ખુલ્લો આક્ષેપ કર્યો હતો અને આ બાબત ની તકેદારી આયોગ ધ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી જયારે આ સામાન્ય સભા માં અરૂણભાઈ પટેલે નાયબ કર્યપાલક ઈજનેર ની નીમણુક નો પણ પ્રશ્ન છેડયો હતો.

બીજી બાજુ કોગ્રેસ ધ્વારા બાયડ તાલુકા માં સને ૨૦૦૯ માં નાયબ સચિવ અશોકભાઈ ભાવસાર ધ્વારા ગુણોત્સવ કરાયુ હોવા છતાં સરકારી ચોપડે આ શાળા માં ગુણોત્સવ થયુ જ નથી તેવુ બતાવતા આ અંગે પેટા પ્રશ્નો પુછવામાં આવ્યો હતો.

મોડાસા સાર્વજનિક હોસ્પીટલમાં ચિરંજીવી યોજનાના દર્દીઓ પાસેથી નાણાં લેવાતા ખળભળાટ

સરકાર ગરીબો માટે યોજનાઓ જાહેર કરે છે પણ તેનો અમલ માત્ર કાગળ પર

મોડાસા, તા.૯

ગરીબ અને આર્થીક રીતે અક્ષમ દર્દીઓ ને આરોગ્ય વિષયક સગવડ મળી રહે તે માટે રાજય સરકાર ધ્વારા અનેક યોજનાઓ અમલ માં મુકવામાં આવી છે આ યોજનાઓ પૈકી ની ચિરંજીવી યોજના પણ છે જમાં સામેલ થયેલ જે તે હોસ્પીટલે સર્ગભા સ્ત્રી ને મફરત ડીલવરી કરી આપવાની હોય છે અને જેના નાણા સરકાર ધ્વારા ચુકવવામાં આવે છે ત્યારે અરવ્લ્લી જિલ્લા ની મોડાસા સાર્વજનીક હોસ્પીટલ ચીંરજીવી યોજના હેઠળ આવરી લીધેલ હોવા છતાં દર્દીઓ પાસેથી નાણા વસુલતી હોવાનુ બહાર આવતા ખળભળાટ મચી ગયો છે.

અરવલ્લી જીલ્લાના મુખય્ મથક એવા મોડાસા શહેર ની સાર્વજનીક હોસ્પીટલ ને સરકાર ની ચિરંજીવી યોજના હેઠળ આવરી લેવામાં આવી છે જેના કારણે આર્થીક રીતે નબળા અને ગરીબ દર્દીઓ પ્રસુતી માટે આ હોસ્પીટલ માં આવતા હોય છે ચિંરજીવી યોજના હેઠળ લાભ મળવા ની આશા સાથે દાખલ થયેલ દર્દીઓ પાસે થી સાર્વજનીક હોસ્પીટલ ના સત્તાવાળા દવા અને ડોકટર ની ફી ના નામે ૩૦૦૦ હજાર રૂપીયા થી પણ વધુ રૂપીયા ભરવાની ફરજ પાડતા હોવાથી દર્દીઓ તેમજ સગાવ્હાલાઓ ને લાચારી માં મુકાવુ પડે છે ત્યારે ચિરંજીવી યોજના હેઠળ સામેલ થયેલ આ હોસ્પીટલ ને સરકાર ધ્વારા ચુકવાતી રકમ ખરેખર દર્દી ના હીત માં વપરાય છે કે નહી તે યક્ષ પ્રશ્ન બન્યો છે સમગ્ર મામલે બ્લોક હેલ્થ ઓફીસર ને દર્દીઓ ધ્વારા રજુઆત કરવામાં આવી હોવા છતાં દર્દીઓ ના હીતમાં કોઈ જ પગલા ના લેવાતા તંત્ર સામે પણ આંગળી ચિંધાઈ રહી છે.

આ અંગ મોડાસા સહારા સોસાયટી વીસ્તાર માં રહેતા લઘુમતી કોમના દિવાન પરીવારના લાચાર મન્નુશા દિવાન કે જેણે પોતાની પત્ની સર્ગભા હોવાથી મોડાસા ની સાર્વજનીક હોસ્પીટલ ખાતે ડીલીવરી કરાવવા માટે ચિંરજીવી યોજના હેઠળ દાખલ કરવામાં આવી હતી દાખલ કર્યા બાદ ફરજ પરના ડોકટરો ધ્વારા મહિલાની ડીલેવરી કરાવવા માટે સીઝેરીયન કરવામાં આવ્યુ હતુ અને ડીલેવરી કરવામાં આવી હતી ત્યારબાદ આ મહિલા નો લાચાર પતી હોસ્પીટલ ના સત્તાધીશો જોડે હોસ્પીટલ માં થી રજા લેવા માટે ગયો. તે સમયે હોસ્પીટલ ના સત્તાધીશ અને ઓફીસ સુપ્રીડેન્ટ કનુભાઈ પટેલે જણાવ્યુ કે ૩૦૦૦ રૂપીયા જમા કરાવો તો રજા મળશે નહીતર રજા મળશે નહી ત્યારે મહીલા દર્દી ના પતિ પર આભ ફાટી નીકળ્યુ તેણે કહયુ મે મારી પત્ની ને ચિંરજીવી યોજના હેઠળ દાખલ સુવાવવડ કરાવવા માટે દાખલ કરેલી છે તો પછી સેના પૈસા ત્યારે ઓફીસ સુપ્રીડેન્ટ કનુભાઈ ધ્વારા એવો જવાબ આપવામાં આવ્યો કે અમારી હોસ્પીટલ ના ગાયનેડ ડોકટર બે મહિના થી રજા પર છે તેથીઅમે બહારથી ડોકટર બોલાવી ડીલેવરી કરાવી છે તેથી તમારે પેસ્ તો આપવા જ પડશે ત્યારે દિવાન પરસ્વાર ના આ લાચાર અને ગરીબ યુવાને ભીખ માંગી ને પોતાની પત્ની માટે ૨૦૦૦ રૂપીયા ભેગા કરી ને હોસ્પીટલ સત્તા ધિશો વાળા ને જમા કરાવ્યા તે છતા પણ આ મહિલા ના પતી એ જણાવ્યુ કે પુરેપુરૂ બીલ આપો નહિતર અમે પેશાબ ના ભાગે લગાવેલી નળી નહી કાઢીએ અને રજા આપીશુ નહી ત્યારે અહિયા પશ્ન એ ઉપસ્થીત થાય છે કે જો સાર્વજનીક હોસ્પીટલ ના ગાયનેક ડોકટર રજા પર ગયા તો સત્તાધીશો ધ્વારા કેમ બીજા ડોકટર ની વૈકલ્પીક વ્યવસ્થા ના કરાઈ???? કેમ ચિંરજીવી યોજના ડોકટર ના હોવા છતાં ચાલુ રખાઈ ???? વળી કચેરીમાં કેમ જાણ ના કરાઈ ???? ત્યારે સરકાર ધ્વારા ચિંરજીવી યોજના ના પૈસા પુરા પાડી દેવામાં આવે છે ત્યારે આ રીતે સાર્વ્જનીક હોસ્પીટલ ના સતતાધીશો ધ્વારા ગરીબ દર્દીઓ નેહેરાન પરેશાન શા માટે કરવામાં આવે છે તે એક મોટો યશ પ્રશ્ન છે.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

તાલુકા આરોગ્ય અધિકારી ધ્વારા ચિરંજીવી યોજના બાબતે સાર્વજનીક હોસ્પિટલને નોટીસ

મોડાસા ખાતે આવજેલી સાર્વજનીક હોસ્પીટલ ના સત્તાધિશો ધ્વારા એક ગરીબ દર્દી ની પત્ની ને ચિરંજીવી યોજના હેઠળ ડીલેવરી ન કરી આપી દર્દી જોડે થી પૈસા માગ્યા ની ફરીયાદ મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી સુધી પહોચતા આ અંગે મોડાસા તાલુકા આરોગ્ય અધિકારીડો યક્ષેશભાઈ નાયક નો સર્પક કરતાં તેમપ્ણે આ બાબતે મોડાસા સાર્વજનીક હોસ્પીટલ ને નોટીસ પાઠવી છે અને ખુલાસો માંગવામાં આવ્યો છે તેવુ જણાવ્યુ હતુ.

પ્રાંતિજની ચિત્રિણી કોલેજમાં એમ.એસ.સી. નર્સિંગનો પ્રારંભ

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આવેલી ચિત્રિણી કોલેજમાં નર્સિંગને ચાલુ સાલે એમ.એસ.સી. નર્સિંગના શિક્ષણ વર્ગોની મંજુરી મળતાં પ્રાંતિજમાં એમ.એસ.સી. નર્સિંગના અભ્યાસોમાં રસ ધરાવતા બાળાઓ અને બાળકોમાં આનંદની લાગણી વ્યાપી છે.

પ્રાંતિજ નજીકના બાકલપુર ગામ પાસે આવેલી ચિત્રિણી નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીનીઓ તથા વિદ્યાર્થીઓને લગતા વિવિધ આરોગ્યલક્ષી અભ્યાસક્રમો ભારત અને ગુજરાત સરકારની મંજુરીથી ચાલી રહ્યા છે જેમાં ચાલુ વરસે એ.કે. પટેલ તથા નૃપાંશ પટેલના પ્રયાસોથી આ સંસ્થામાં એમ.એસ.સી. નર્સિંગ અભ્યાસક્રમની મંજુરી મળતાં પ્રાંતિજ પંથકમાં હર્ષની લાગણી વ્યાપી જવા પામી છે.

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘની વાર્ષિક બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘની ૬૫મી વાર્ષિક બેઠક હિંમતનગરના સહકાર ભવનમાં યોજાઈ હતી. જેમાં જિલ્લાના સહકારી અગ્રણીઓ અને સભાસદો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. હિંમતનગરમાં આયોજીત વાર્ષિક બેઠકને સંબોધતા જિલ્લા સહકારી સંઘના પ્રમુખ અંબાલાલ ઉપાધ્યાયે દેશના ગામડાઓમાં કૃષિ ધીરાણ મંડળી અને સહકારી દૂધ મંડળીએ ગામડાઓની કાયા પલટ કરવામાં ક્રાંતીકારી કદમ ઉઠાવ્યા છે અને સહકારી પ્રવૃત્તિને રાજકારણથી મુક્ત રાખી તેના ધ્યેયને સફળ બનાવવા બધા હાથ કામે લાગે તો ગુજરાત સહકારી ક્ષેત્રે નમુનેદાર રાજ્ય બની રાષ્ટ્રને પ્રેરણા આપી શકે તેમ જણાવ્યુ હતુ. કાર્યક્રમમાં ધૂળાભાઈ પટેલે સ્વાગત પ્રવચન અને આભારદર્શન નવલસિંહ બિહોલાએ કર્યુ હતુ.

મોડાસામાં વરસાદનું આગમન થતા માટીની મીઠી સુગંધ વાતાવરણમાં પ્રસરી

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે સાંજના પ.૧૫ કલાકે વરસાદ વરસવાનો શરૂ થતા મોડાસા શહેરના પ્રજાજનોને કાળઝાળ ગરમીમાંથી છુટકારો મળ્યાનો અહેસાસ થયો હતો. સૂર્યદેવના આકરા તાપથી તપેલી ધરતીમાતા પણ વરસાદના આગમથી ઠંડી પડતાં વરસાદથી જમીનમાંથી માટીની મીઠી સુગંધથી મોડાસા શહેરના પ્રજાજનો સંતૃપ્ત થયા હતા.

(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં અને મોડાસા શહેરમાં રવિવાર બપોરથી વાતાવરણમાં પલટો આવતા વાદળછાયા વાદળો છવાયા હતા.જયારે મોડાસા શહેરમાં બે દિવસથી આકાશ ગોરંભાયું હતું. મોડાસા શહેરના પ્રજાજનોને ગરમીથી રાહત મળી હતી પરંતુ પ્રજાજનો અસહ્ય બફારાથી અકળાયા હતા. નગરજનો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા અને ચાતક નજરે વરસાદની રાહ જોતા હતા. ગઈકાલથી અરબી સમુદ્રમાં ઉત્પન્ન થયેલું ડિપ્રેશન બની ચક્રવાતી વાવાઝોડું 'અશોબા'ની અસર જોવા મળી હતી. તે પછી ચોમાસાનો પ્રારંભ આજે સાંજના પ.૧૫ કલાકે ધીમે ધીમે વરસાદના છાંટાઓની શરૂઆત થવાની સાથે સતત અડધો કલાક વરસાદ પડતાં મોડાસા શહેરના નગરજનોમાં આનંદ છવાયો હતો. ચોમાસાની ઋતુના પ્રથમ વરસાદથી મોડાસા શહેરમાં ખાબોચીયા ભરાયા હતા.

મોડાસા શહેરમાં આજે સાંજના પ.૧૫ કલાકે શરૂ થયેલા ધીમા વરસાદે ધીમે ધીમે જોર પકડતાં મોડાસા શહેરમાં વરસાદના ખાબોચીયા ભરાયા હતા. જયારે મોડાસા શહેરના ભૂલકાઓએ વરસાદના આગમનને વધાવતા ચોમાસાની ઋતુના વરસાદમાં મનભરીને વરસાદી પાણીના નાહવાનો લુમ ઉઠાવતા નજરે પડતા હતા.

ખેડબ્રહ્મામાંથી રૂ. ૧૮૦૦નો વિદેશી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા.૯

ખેડબ્રહ્મા શહેરના ૫૮ વિસ્તારમાં દારૂ વેચાતો હોવાની બાતમીના આધારે ખેડબ્રહ્મા પોલીસે અશોકભાઈ પોપટભાઈ વણઝારા, પ્રમોદભાઈ અંબાલાલ ખટીક અને અર્જુનભાઈ માંગીલાલ ભાટ ત્રણેય ઈસમ પર પ્રાંતીય દારુ લાવી વેચતા દારુના મુદ્દામાલ સાથે પકડી પાડયા અને કુલ રૂ. ૧૮૦૦ની કિંમતની ૬ નંગ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦